# નિયામકશ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ-૩૮૮૧૧૦
આણંદ-૩૮૮૧૧૦(ગુજરાત,ભારત)

GEM અંતર્ગત યુઝર આઈડી બાબત

## પરિપત્ર

આથી આકૃયુના યુનિટ/સબયુનિટના વડાશ્રીઓને જણાવવાનું કે અત્રેની કચેરી તરફથી @gujarat.gov.in વાળા ઈ-મેઈલ આઈડી ખોલાવવા માટે તેમજ ત્યારબાદ સદર આઈડી મારફત GeM પોર્ટલ પર ખરીદી કરવા માટેના @gembuyer.gov.in વાળા યુઝર આઈડી ખોલી આપવામાં આવેલ છે.

છેલ્લા કેટલાક સમયથી જાણમાં આવ્યું છે કે ઘણા યુઝરના @gembuyer.gov.in તથા @gujarat.gov.inઆઈડી ડિસેબલ થઈ ગયેલ છે. જેના લીધે GeMની ખરીદી ખોરંભે પડે છે. જે યુઝર એ લાંબા સમયથી પોતાના GeM ના ઈ-મેઈલ અકાઉન્ટમાં લૉગિન નથી કરેલું એમનું લૉગિન અકાઉન્ટ ડિસેબલ થઈ જાય છે. તેથી ભવિષ્યમાં આવી સમસ્યા ઉદભવે નહીં એ માટે દરેક યુઝરે સમયાંતરે પોતાના GeM ના ઈ-મેઈલ અકાઉન્ટમાં લોગીન કરવું આવશ્યક છે.

જે યુઝર પાસે @gembuyer.gov.in વાળા એકાઉન્ટ છે એમણે https://webmail.gujarat.gov.in/ પર જઈને પોતાના આઈડી પાસવર્ડ નાખીને લૉગિન કરવાનું રહેશે. પાસવર્ડ રીસેટ માટે GSWAN helpdesk પર @gembuyer.gov.in વાળા એકાઉન્ટ સાથે લિન્ક કરેલ મોબાઈલ પરથી કોલ કરવાનો રહેશે. (GSWAN helpdesk નંબર: 079-23256600). જે યુઝરનું એકાઉન્ટ ડીએક્ટીવેટ/ડિસેબલ થઈ ગયેલ હોય તેમણે પોતાનું યુઝર આઈડી itc@aau.in પર તા.૨૮/૧૧/૨૦૨૪ સુધીમાં ઈ-મેઈલ કરવાનું રહેશે. જેથી એકાઉન્ટ એક્ટીવેટ કરવાની કાર્યવાહી કરી શકાય.

જે યુઝર પાસે @gembuyer.gov.in વાળા એકાઉન્ટ છે એમણે GeM ની Kavach Authentication ની એપ્લિકેશન ડાઉનલોડ કરવાની રહેશે. આ એપ્લિકેશન તમે મોબાઈલ અથવા તમારા કમ્પ્યુટર/લેપટોપમાં પણ ઈન્સ્ટોલ કરી શકો છો. એપ્લિકેશન ઈન્સ્ટોલ કર્યા બાદ તમારા GeM વાળા આઈડીનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરતી વખતે તમારા GeM એકાઉન્ટ સાથે જે મોબાઈલ નંબર લિન્ક કરેલો છો તેના પર OTP આવશે. સદર OTP નો ઉપયોગ કરીને રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન થઈ ગયા બાદ સદર એપ્લિકેશનમાં એક ૬ અંકોનો કોડ દેખાશે જે માત્ર ૩૦ સેકન્ડ માટે જ એક્ટિવ રહેશે. આ કોડ યુઝરએ પોતાના પાસવર્ડની પાછળ એડ કરવાનો રહેશે. ઉદાહરણ તરીકે જો તમારો પાસવર્ડ Pass#112 હોય અને Kavach Authentication એપ્લિકેશન માં ૬ અંકોનો કોડ 973024 હોય તો તમારે "Pass#112973024" પાસવર્ડ નાખવાનો રહેશે. તો આ પ્રમાણે યુઝર પોતાનું આઈડી પાસવર્ડ નાખીને ઈ-મેઈલમાં લૉગિન કરી શકે છે. Kavach Installation ની વધુ જાણ કરી માટે જુવો: https://email.gov.in/videos/docs/kavach-installation.pdf

જા.નં.આકૃયુ/ડીઆઈટી/ ૬૬૬-૬૬ /૨૦૨૪
તા.૨૩/૧૧/૨૦૨૪

નિયામક
ઈન્ફોર્મેશન ટેકનોલોજી

**નકલ સવિનય રવાના:**

૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારુ.
૨) માન. સશોધન નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારુ.
૩) સર્વે યુનિટ/ સબયુનિટ/ હોસ્ટેલના વડાશ્રીઓ/ અધિકારીશ્રીઓ/ રેકટરશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારું.